

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પૈસા-ધાક-દબાણથી ચૂંટણી બની છે ગમ્મત,*
*અવાજ નથી પ્રજાનો પક્ષોમાં ચાલે છે મમત!*
*જનમત નથી 'આ' રમત છે રાજકારણની -*
*ના-લાયકોમાંથી ચૂંટણી સૌના મૂંઝાય છે મત!!*

હાઈકુ

*ચૂંટો વારસ !*
*લોકમત ફારસ -*
*ફિકુ઼-નિરસ!!*
*(૬૦% મતદારોનો મતદાનનો બહિષ્કાર)*

*થવું જોઈએ -*
*સો ટકા મતદાન -*
*ફરજીયાત...*
*(નહીં તો ફેર-ચૂંટણી)*

### ચિંતન

*માતૃભાતૃ ગુરુ સ્વામિભ્રાતૃપુત્ર સખિષ્વપિ ।*
*ન વિરુદ્ધયેન્નામકુર્યાન્મનસા અપિ ક્ષણં કવચિત્ ॥*

**ઉપરોક્ત શ્લોક નીતિશાસ્ત્રમાંથી લેવામાં આવેલ છે.**

**માતા-પિતા, ગુરુ, પતિ, ભાઈ, પુત્ર તથા મિત્ર આ સર્વેનો મનથી પણ કદી વિરોધ કે અવરોધ ન કરવો.**

**કુટુંબ પરિવારના તમામ સભ્યો સાથે વિનય અને વફાદારી રહે તો જ કુટુંબમાં કંકાસ કલહ ન થાય. જો બધા આપસમાં વિરોધનો કે આજ્ઞા ઉલ્લંઘનનો ભાવ ભાવ રાખે તો પરિવાર ભાંગી પડે છે.**

**આધ્યાત્મિક બાબતમાં 'ગુરુ' નું સ્થાન સાક્ષાત્ પરબ્રહ્મ જેવું જ છે. એનો વિરોધ ન થાય.**

**સ્વામી-શેઠ, ઉપરી અધિકારી ગમે તેવા ખોટા નિર્ણય કે નિર્દયી વર્તન કરતા હોય છતાં નોકર-પત્ની-કર્મચારીએ વફાદાર સૈનિકની જેમ આજ્ઞા પાલન કરવું જોઈએ. સાચું-ખોટું જોવાનું કામ નાના માણસનું નથી. એ ન્યાય ઈશ્વર પર છોડવો જોઈએ.**

### સુવિચાર

- જયારે આપણે કોઈનું ભલું કરીએ છીએ
  ત્યારે કોઈ આપણા માટે આવું જ વિચારતું હોય છે - **અમૃતબિંદુ**
- તાકાત અને પૈસા જિંદગીના ફળ છે,
  પરિવાર અને મિત્ર જિંદગીની જડ છે - **જીવન પાથેય**
- માણસ ખરાબ વિચારો કરીને પોતાના ખરાબ દિવસોને વધુ ખરાબ કરે છે - **આચાર્ય રાજહંસસૂરીજી**
- જો કતલખાનાને કાચની દિવલો હોત,
  તો આખી દુનિયા શાકાહારી બની ગઈ હોત - **પોલ મેકાર્ટની**
- જીવન જીના સહજ નહીં, યહ બહુત બડી ફનકારી હૈ - **નિદા ફાઝલી**
- શરીરનો માલિક એ જ છે કે જે સૃષ્ટિનો માલિક છે. હું આ શરીરનો માલિક નથી આ વાત જેણે સ્વીકાર કરી, તેનું દેહભિમાન નાથ શશે - **સંત સૌરભ**
- આજનું ઔષધ : દેશી ગોળમાં તુલસીના પાન વાટી બાળકોને પા ચમચી ખવડાવવાથી પેટના કરમિયા નીકળી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બહુરુપી રાજાના દરબારમાં પહોંચ્યો. રાજાએ કહ્યું, 'તું કલાકાર ખરો, પરંતુ તારી કલાને હું ત્યારે જ માનું જયારે તું તારી કલાથી આ સમગ્ર દરબારને પણ ભ્રમિત કરી દે અને તને કોઈ ઓળખી જ ન શકે.' થોડા દિવસ બાદ એક દાઢી ધારી, ભભૂત લગાવીને એક સંત રાજાના દરબારમાં આવ્યા. રાજાએ સંતની ખૂબ સેવા-ચાકરી કરી. દાન દક્ષિણા અર્પણ કરી. સંતે આપેલી દાન-દક્ષિણા ને સ્પર્શ ન કર્યો. અને ત્યાંથી ચાલ્યા ગયા. થોડા સમય બાદ ફરી પેલા બહુરુપીએ રાજદરબારમાં પ્રવેશ કર્યો અને રાજાએ કહ્યું, મહારાજ, લાવો મારું ઈનામ.' રાજા ચોંકી ઊઠ્યા અને કહ્યું, 'ભાઈ, કઈ વાતનું ઈનામ ?' બહુરુપીએ જવાબ આપ્યો. 'મહારાજ, મારા સાચા વેશનું ઈનામ, થોડા સમય પહેલાં આપને જે સંત મળ્યા હતા. તેમની આપે ખૂબ સેવા-ચાકરી કરી હતી. એ સંત હું હતો. મેં સંતનો વેશ ભજવી ને તમને ભ્રમિત કરી દીધા હતા. તમે મારા એ નાટકને સાચું માની બેઠા હતા.' બહુરુપીની વાત સાંભળી રાજા પ્રભાવિત થયા અને એમને કહ્યું, 'આ પુરસ્કાર કરતાં તો અનેકગણું ધન મેં તમને દક્ષિણામાં આપવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે એ દાન તમે કેમ ન લીધું?' બહુરુપીએ કહ્યું, 'મહારાજ, તે સમયે હું સંત હતો.અને ત્યારે મારે ભગવા વસ્ત્રોની મર્યાદા પાળવાની જવાબદારી હતી. આવો પવિત્ર વેશ ધારણ કરીને હું તેની મર્યાદા કેવી રીતે તોડી શકું.' બહુરુપીની આ પ્રેરક વાત સાંભળી રાજાએ એને ઈનામ ઉપરાંત ઘણું ધન આપી વિદાય કર્યો.

# મહાનગરપાલિકાઓમાં ભાજપનો ભગવો

**તંત્રીસ્થાનેથી...**

ધાર્યા કરતાં ઓછા મતદાનથી ભાજપના વરિષ્ઠ નેતાઓ સુધ્ધાં ચિંતિત હતા અને છેલ્લા કલાકો દરમિયાન મતદાતાઓને બૂથ સુધી ખેંચી જવા માટે આકાશપાતાળ એક કરવાં પડ્યાં હતાં, છતાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને ગળા સુધી વિશ્વાસ હતો કે પાર્ટી ભવ્ય વિજય હાંસલ કરી તમામ છ મહાનગરપાલિકાઓમાં સત્તા હસ્તગત કરશે. એમની ધારણા અને પેજપ્રમુખ ફોર્મ્યુલા ઓછા મતદાન છતાં કારગત નીવડી છે. વળી એમની નો રિપીટ થિયરી અને યુવાનોને આગળ ધરવાન નીતિ વહેવારું દૃષ્ટિએ ઓછા મતદાન માટેનું એક કારણ ભલે લાગે, પણ સરવાળે એ ફોર્મ્યુલા પણ કારગત સાબિત થઈ છે અને મહાનગરપાલિકાઓના વહીવટમાં નવું અને તાજું લોહી ઉમેરાયું છે. સી.આર. પાટીલના બધા પાસા અત્યાર સુધી સવળા પડ્યા છે. વિધાનસભાની પેટા ચૂંટણીમાં આઠે આઠ બેઠકો અંકે કરીને તથા મોંઘવારી જેવો મુદ્દો તથા એન્ટિ એન્કમ્બન્સી જેવી બાબતો ભારતીય જનતા પાર્ટીને નડી નથી. સૌથી મહત્ત્વની બાબત રહી અયોધ્યાનું રામજન્મભૂમિ મંદિર. ખુદ ટિકિટ માગનારે એવા આવેદનપત્રમાં રામમંદિર માટે ફાળો આપ્યો છે કે કેમ તે જણાવવાનું હતું. રામે પાર્ટીની હરહંમેશ લાજ રાખી છે. સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રાના મહારથી ન ફળ્યા એટલા રામ એ રથયાત્રાના સારથિને ફળ્યા છે. નરેન્દ્ર મોદીના ઉદય અને ઊર્ધ્વારોહણમાં એમની આગવી પ્રતિભા કરતાં પણ વધારે તો રામકૃપા જ જવાબ દાર લાગે. પાયાની જરૂરિયાતો કે લોકડાઉનની અડચણો ઓળંગીને શહેરી મતદાતાએ કેન્દ્ર અને રાજયની શાસક પાર્ટી સાથે રહેવામાં જ શ્રેય ગણ્યું છે. શહેરોનો પ્રભાવ ગ્રાણીણ વિસ્તારો પર પણ પડતો જ હોય છે. ચૂંટણી પંચે મહાનગર પાલિકાઓની ચૂંટણીનું પરિણામ સમયસર જાહેર કરી દઈ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ પર ભાજપનો દબદબો વધારી દીધો છે. સૌથી કરુણ રકાસ કોંગ્રેસનો થયો છે. એક સમયની અજેય રાષ્ટ્રીય પાર્ટી સાવ જ હાંસિયે ધકેલાઈ ગઈ છે એને સમયની જ બલિહારી ગણવી રહી. સુરતમાં એને સમખાવા પૂરતી એક પણ બેઠક મળેલ નથી. અન્ય મહાનગરપાલિકાઓમાં પણ એ હાંસિયે મુકાઈ ગઈ છે. કદાચ ભાજપ તરફ ભારે અણગમો ધરાવતા મતદાતાઓ પણ આ ચૂંટણીઓમાં ભાજપને મત આપવાનું મુનાસિબ માન્યું છે કારણ કે કોંગ્રેસે એની વિશ્વસનીયતા જ ગુમાવી દીધી છે. કોંગ્રેસની સ્થાનિક નેતાગીરી સાવ પ્રતિભાહીન છે. એમાં કોઈ રાજયસ્તરનો નેતા રહ્યો જ નથી. જે આગેવાનો છે તે ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓનાં ફરજંદ છે કાં તો જિલ્લા કક્ષાના લઘુનેતાઓ છે. ચૂંટાયા પછી પણ કોંગ્રેસીઓની મથરાવટી તો મેલી જ રહી છે. પક્ષની સાથે ગદ્દારી કરી તેઓ ભાજપનો કેસરિયો ખેસ પહેરતાં શરમાતા નથી. પ્રજા પાસે વિકલ્પ જ ન હોય ત્યારે એ મતદાન કરવાનું જ ટાળે, આ વખતની ચૂંટણીમાં આવી નારાજગી સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થઈ છે. જે લોકોને બૂથ સુધી ખેંચી લાવવામાં આવ્યા એમના વોટથી ભાજપ પુનઃ સત્તારુઢ થઈ શકેલ છે. આમાં બે નાની ઘટનાઓ જરૂર લોકતંત્રની દૃષ્ટિએ વખાણવાલાયક લાગે. અમદાવાદમાં ઉપેક્ષિત લઘુમતી સમુદાયને ઓવૈસી આકર્ષી શક્યા છે. તો વળી સુરત મહાનગરપાલિકાએ આમ આદમી પાર્ટીના નવલોહિયા ઉમેદવારોને ૨૭ બેઠકો આપીને ભવિષ્યમાં રાજયસ્તરે ભાજપના સંભવિત વિકલ્પની આછીપાતળી સંભાવનાનો સંકેત આપ્યો છે. કોંગ્રેસ કયારેય નહોતી એટલી કારમી અને કરુણ સ્થિતિમાં મુકાઈ ગઈ છે. આ એ જ ગુજરાત છે જયાં કયારેક કોંગ્રેસનો સૂરજ સોળે કળાએ તપતો હતો. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ આમ આદમી પાર્ટીનું ઝાડું લઈને ભાજપને સાફ કરવાનાં સપનાં સેવતાં રહ્યાં છે. પણ ભાજપનો વિકલ્પ બનવા માટે પહેલાં એમને કોંગ્રેસને ધરાશાયી કરવાનો કાર્યક્રમ હાથ ધર્યો હોય એમ લાગે છે. કોંગ્રેસ નામશેષ થઈ જાય તો જ ભાજપના વિકલ્પ તરીકે 'આપ' વિકસી શકે એવું એમનું લૉજિક સુરતીઓએ પ્રમાણ્યું છે!

# નામમાં શું રાખ્યું છે?



**લવ યુ જિંદગી**
**નિયતી કાપડીયા**

વરસો પહેલાં શેક્સપિયર સાહેબ કહી ગયા કે, "નામમાં શું રાખ્યું છે?" આને અમુક ફઈબાઓએ સાચેસાચ ગંભીરતાથી લઈ લીધું. એ સાહેબે તો એમનું આ પ્રચલિત વાક્ય લખીને નીચે એમનું નામ રૂપાળા અક્ષરે લખ્યું જ છે પણ કેટલાક નામ પાડવા હરખપદુડા માનવીઓ એ જરાય ધ્યાને લેતા નથી.

ઘણી જગ્યાએ તો માબાપ બિચારા કોઈ નામ નક્કી કરે એવું જ કુટુંબનું કોઈ સભ્ય એને ઉડાવી દે અને બીજું જ નામ સૂચવે. એક બેનને ત્યાં દીકરી જનમી. એમણે એનું નામ "સ્વરા" નક્કી કર્યું. જેવું આ નામ એમના કાકીસાસુએ સાંભળ્યું એવું જ કહે, "હાય હાય, આવું તે કોઈ નામ હોતું હશે! અમારા જેવું ગામડાનું માણસ તો સરા...સરા...જ કહેવાનું. અમને આવું નામ બોલતા ના ફાવે." છેવટે નામ બદલીને બધાની સંમતિથી "શાંતિ" રખાયું. માણસમાં નામ પ્રમાણે ગુણ હોય એવું કહેનાર શાંતિને જોઈ પોતાનું નામ ભૂલી જાય એટલી એ તોફાની છે...

નરેશ અને રમેશ, બે ભાઈબંધે નક્કી કરેલું કે એમને ત્યાં પુત્રરત્ન અવતરે ત્યારે બંનેનું નામ સરખું, એકમેક સાથે પ્રાસ મળે એવું રાખશું. છેવટે ભગવાનને પણ કૌતુક થયું, આ કાળા માથાનો માનવી પ્રાસ મળે એવું સરખું સરખું નામ કેવું પાડશે અને એ ઉત્સુકતામાં એમણે બંનેને ત્યાં લગભગ એક જ સમયે એક એક દીકરો આપ્યો. એકે નામ રાખ્યું, "હેનિલ" અને બીજાએ તરત "ફેનિલ" ફાયનલ કર્યું. સરખે સરખું અને પ્રાસ મળે એવું હેનિલ ફેનિલ, વાહ મિત્રતા...

સરલભાઈને થયું કે દીકરીનું નામ થોડું અઘરું હોય એવું રાખું, બોલતા બોલતા જીભના લોચા વળે અને કોઈ એક વખત સાંભળે તો વિચારમાં પડી જાય કે આનો શું મતલબ થતો હશે. દીકરીનું નામ "શ્લેષ્મા" પાડ્યું. ગૂગલમાં એનો અર્થ શોધો તો સેડા બતાવે છે. એક ભાઈનું નામ માનસિંહ કેટલું સરસ છે ને, પણ એમના જીગરી મિત્રો માનસિંહનું "માનસી" કરીને જ બોલાવે છે, બોલો. એકવાર ચંદુલાલને ઑફિસના અગત્યના કામ અર્થે એક બહેનને મળવા જવાનું હતું. બહેનનું નામ રીટા છે એ જાણી ચંદુલાલે માન્યું કે કોઈ સીધી સાદી ગૃહિણી જેવા બહેન હશે જે પ્રમોશન મેળવી નિવૃત્તિની ઉંમરે અધિકારી બની ગયા છે. એમણે કોઈ વધારે તૈયારી કર્યા વગર જ બહેનની કેબિનમાં પ્રવેશ કર્યો અને પ્રવેશતાની સાથે જ એમની આંખોના ડોળા એની ચરમસીમા તક પહોળા થઈ ગયા. ટેબલની પાછળ માંડ ત્રીસેક વરસની લાગતી યુવાન કન્યા બેઠી હતી. આધુનિક કપડાં, ટૂંકા કપાયેલા સુંદર વાળ અને અંગ્રેજીમાં ગોટપિટ કરવાની એની છટા જોઈ ચંદુલાલે માંડ માંડ થોડું થોડું અંગ્રજી-હિન્દી-ગુજરાતી ભેળસેળ કરીને ચલવ્યું અને મિટિંગ પૂરી કરી. છેલ્લે જતા જતા એમનાથી રહેવાયું નહીં અને મનમાં ઉઠેલો સવાલ પૂછી જ લીધો,

"માફ કરશોમેડમ પણ તમારી પર્સનાલિટી સાથે તમારું નામ બંધબેસતું નથી આવતું. રીટા નામ જુનવાણી લાગે." ચંદુલાલે આ ડાયલોગ ફાંકડા અંગ્રજીમાં મારેલો અને એના માટે દસ મિનિટ એમણે મનમાં ગોઠવણ કરેલી. "રીટા..." રીટાબેન એવું હસી પડ્યા અને તરત ફોડ પાડી કહે, "મારું નામ રિતા છે રીટા નહીં, Rhita..." બેને અસ્સલ ગુજરાતીમાં કહ્યું અને ચંદુલાલ તરત એમની કેબિન છોડીને ભાગી નીકળ્યા. એમનું ચાલત તો જેણે રીટાનું આધુનિકરણ કરી નાખેલું એને હાલને હાલ જાહેરમાં દસ કોડા ફટકારવાની સજા આપત પણ કરમની કઠણાઈ જુઓ કે એમનું ચાલતું નથી.

પહેલાં એવું કહેવાતું કે નબળા, ના ગમે એવા નામ રાખવાથી છોકરાને કોઈની નજર ના લાગે, એમનું આયુષ્ય લાંબુ થાય. જૂના વખતમાં લોકો હાથે કરીને ગાંડાભાઈ, કચરાભાઈ, કાળુભાઈ, પોપટભાઈ એવા નામ રાખતા. ક્યાંક ક્યાંક ધાર્મિક નામનો સહારો લેવાતો, આત્મારામ, પુરષોત્તમ, કાળીદાસ, ઉદયશંકર, ગણપતલાલ વગેરે નામો ચાલી જતા. કોઈ કોઈના નામમાં બેબે નામ ભેગા જોવા મળતા દા.ત, સીતારામ, રાધેમોહન, રામનારાયણ. એ વખતમાં આ બધું માન્ય હતું, એ નામ અને નામધારી વ્યક્તિ બંને જાજરમાન લાગતા. આજે વિચારો કોઈ બર્મુડા પર લાલ ટીશર્ટ અને પીળા રંગના ગોગલ્સ ચઢાવીનેને નીકળેલા માણસનું નામ "પ્રિતમપ્યારે" હોય તો તમે એને ક્યાં તો "પ્યારે" કહેશો કે "પ્રિતમ" પણ બંને સાથે નહીં, હેં ને? જેના શરીરન ઉપર ટીશર્ટ જાણે સુકાવા મૂક્યું હોય એમ લટકતું હોય એનું નામ "ભીમસેન" કે "બાહુબલી" હોય તો નામ સાંભળતા જ દાંત આવ્યા વગર રહે... એક હોટલમાં વારંવાર ટકોર કરવા છતાં વેઈટર જલદી કોઈ વાનગી ન હતો લાવતો. વારે વારે એનું થોભી જવાનું સહન કરી જમવું પડ્યું. એ વેઈટરની મેનેજરને ફરિયાદ કરવા ગયા તો ખબર પડી એ ભાઈનું નામ થોભેશ હતું. આવું જોઈએ ત્યારે એક સવાલ મગજમાં ટકોરા મારી જ જાય કે, માનવીમાં નામ પ્રમાણે ગુણ આવતા હશે કે ગુણ જોઈને નામ પડાતા હશે? બાળકને જોતા જ એના ગુણ જાણી લઈ એ મુજબ બંધબેસતું નામ પાડનાર આવી દિવ્ય શક્તિ લાવતા ક્યાંથી હશે?

**અમસ્તું,**

કેટલાક નામ લેતા જ મન પ્રસન્નતાથી ભરાઈ જાય, અહીં જાદુ નામનો નહીં એ માણસનો હોય છે હોં...

@kapadianiyati

# જીવનમાં પીડા કે દર્દ મીટાવવું હોય તો બીજાના દુઃખ કરતા વધુ બીજાના સુખમાં સહભાગી થતા આવડવું જરૂરી છે



**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

હમણાં એક મિત્રની ખુશીમાં સામેલ થવાનો મોકો મળ્યો. અદભૂત એ ક્ષણો હદયમાં ચીરસ્થાયી બની ગઈ. મોટું ઈનામ જીતીને ગાંધીનગરમાં આવી રહેલ મિત્રોને આવકારવા શહેરની સીમા પર રાહ જોવાનો એ અવસર અનોખો હતો. જીવનની કેટલીક યાદગાર ખુશીની ક્ષણોના ખજાનામાં થોડીક નવી ક્ષણો ઉમેરાઇ ગઈ.

અદભૂત થી પણ વિશેષ કહી શકાય એવી અનુભૂતિ ખૂબ સ્પેશિયલ હતી. એ ક્ષણોમાં માત્ર આનંદ જ હતો, તદન નિર્દોષ આનંદ. એટલા સમય માટે સ્થળ-કાળ-જાત ભૂલી ગયાનો અહેસાસ અનોખો હતો. અન્યની સફળતા, અન્યના એચીવમેન્ટ, અન્યની ખુશીમાં દિલ ખોલીને સામેલ થવાથી આપણે પોતે જે સભરતા મહેસુસ કરી શકીએ એ બીજા કોઈ માધ્યમથી શક્ય બનતું નથી એ વિશ્વાસ ફરી એકવાર દ્રઢ થયો.


જીવન આપણને ઢગલોબંધ તક આપે છે જેમાં ખુશ થવાની અને ખુશ કરવાની શક્યતા સમાયેલી હોય છે. કેટલા સરળ રસ્તા અને માધ્યમો છે જ્યાં ખુશી વેરાયેલી પડી છે. સાવ મફતમાં અવેલેબલ ખુશી-આનંદ આપણે વસ્તુઓમાં, સગવડોમાં, માન-મોભામાં શોધતા ફરીએ છીએ.

ભગવાન પાસે વરદાન માંગવાનો મોકો મળે તો અન્યની ખુશીમાં ખુશી અનુભવવાનું વરદાન અચૂક માંગી લેવું જોઇએ. જીવનમાં પીડા કે દર્દ મીટાવવું હોય તો બીજાના દુઃખ કરતા વધુ બીજાના સુખમાં સહભાગી થતા આવડવું જરૂરી છે. આ વિષયે કોઈ શૈક્ષણિક યુનિવર્સીટીમાં ભણાવવામાં આવતું નથી. પરંતુ જીવનની યુનિવર્સીટીનો આ સૌથી મહત્વનો, ઊંચા મેરીટ થી એડમીશન આપતો કોર્સ છે. જેમા લાયકાત તરીકે ભલાઈ સાથે સારપ પ્રત્યે સ્નેહ મુખ્ય છે. આ કોર્સની ફલશ્રુતિ તરીકે હકારાત્મક અને ખુશહાલ વ્યક્તિત્વની પ્રાપ્તિ તો છે જ. સાથે પ્રભુકૃપા માટેની પાત્રતાની પ્રાપ્તિ પણ છે.

ભલાઈ કે સારપ એ બીજાને દેખાડવાની ચીજ જરાય નથી. ભલાઈથી આપણું પોતાનું જ ભલું વધુ થતું હોય છે. એનું પ્રદર્શન કરવાથી એ કિંમતી લાગણી થી પ્રાપ્ત થતા સુખની ઘનતા ઓછી થઈ જાય છે. કંઈ ભલાઈ કર્યા પછી અન્યને એ વાત કરવાની લાલચ રોકી શકાતી નથી. એનાથી આપણો અહમ સંતોષાય છે. બીજા આપણને માન આપે, ઊંચી દ્રષ્ટિથી જુવે એ આપણને ગમતું હોય છે વિચારશીલ વ્યક્તિ હોવાનો અહેસાસ આપણે કરીએ અને બીજાને કરાવીએ છીએ આપણે સારા છીએ એ વાત પોતે યાદ રાખીએ છીએ. અને બીજાને પણ રખાવીએ છીએ. પ્રશંસાની લાલસા પણ ક્યારેક ભલાઈનો હેતુ બની જાય છે.

બે મહત્વના શબ્દો છે Looking good અને Being good. લુકીંગ ગુડ એટલે સારા દેખાવું અને બીઈંગ ગુડ એટલે સારા થવું કે સારા હોવું આ બંને માં સમય, ઊર્જા, પૈસાનો ખર્ચ છે. જ્યારે ઊર્જા નૈહશ્ન ર્પ્રદ્ધ માં ખર્ચાય એટલે કે કંઈ પણ સારું કર્યા પછી એના પ્રચારમાં જાય ત્યારે સારું કર્યાની લાગણીનો આનંદ ઓછો થઈ જાય છે. બીઈંગ ગુડમાં વપરાયેલ ઊર્જા અનેક ગણી થઈને પરત મળે છે.

દિપક ચોપરાના 7 Spiritual laws of success નામના પુસ્તકમાં ઓબ્જેક્ટ રીફરલ અને સેલ્ફ રેફરલ એવા બે શબ્દોનો ઉલ્લેખ છે. ઓબ્જેક્ટ રેફરલ એટલે બહારથી કોઈ પ્રશંસા મળે, સન્માન મળે, સફળતા મળે,ફોટા પડે અને આપણી અંદર સારી લાગણી થાય તો એ ઓબજેક્ટ રીફરલ અને આપણી અંદર કંઇ સારું કામ કરવાનું ઊગે અને કરીએ ત્યારે આપણી અંદરથી મોટીવેશન અને ર્જાષ્ઠિ આવ્યો કહેવાય. અને એને કારણે આપણે પોતે જ પોતાના સુખના કારણ બનીએ છીએ. આ ખૂબ સારી ઘટના હોય છે જ્યારે આપણા સુખના કારણ આપણે પોતે હોઈએ છીએ. જ્યારે કંઈક સારું કરીએ, સારા કામનાં ભાગ બનીએ. કોઈક ના સુખના ભાગીદાર બનીએ ત્યારે કંઈક વિશિષ્ટ આનંદ અનુભવાતો હોય છે. એ આનંદ પર ફોકસ કરીને જાતને સતત એ અનુભવવાની આદત પાડવાથી કાયમ આનંદિત રહેવું સરળ બને છે.




ત્યારે ચોક્કસ ગાવાનું મન થશે...

**ખુશિયાં હી ખુશિયા હો, દામન મેં જીસ કે**
**ક્યું ન ખુશી સે વો દિવાના હો જાયે...**

# ચામડીના રોગો અને શરદીનું અસરકારક ઔષધ



**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**

અત્યારે ઋતુસંધિ કાળ ચાલી રહ્યો છે. વહેલી સવારે ઠંડી હોય અને બપોરે ગરમી લાગે. વસંતઋતુમાં એલર્જીનું જોર વધુ હોય. આ સીઝનમાં બહુ બધા લોકોને ચામડીના રોગો જેવાકે ચામડી પર ચકામાં, ખંજવાળ, શીળસ જેવી તકલીફો વધુ હેરાન કરે. સાથે સાથે શરદી, સાઈનસ, વારંવાર છીંકો આવવી નાક બંધ થઈ જવા જેવી તકલીફો પણ વધે.

તો આજે એક એવા ઔષધની વાત કરવી છે જે આ બંનેમાં ગુણકારી છે. એ ઔષધનું નામ છે લક્ષ્મીવિલાસ રસ. આયુર્વેદનું આ ઉત્તમ ઔષધ શરદી, સળેખમ, એલર્જી અને ચામડીના રોગો પર પણ ઉપયોગી છે. ચાલો જાણીએ આ ઔષધ વિષે. લક્ષ્મીવિલાસ રસમાં પડતા ઔષધોની વાત કરીએ તો તેમાં અભ્રક ભસ્મ, શુધ્ધપારદ, શુધ્ધ ગંધક, કપૂર, ધતુરો, જાયફળ, ભાંગ, વૃદ્ધદારુ, વિદારી, ગોખરુ, કુંચલા અને નાગરવેલનાં પાનનો સમાવેશ થાય છે. અમુક પાઠમાં ભાંગનો વપરાશ નથી. આમ, જોવા જઈએ તો લક્ષ્મીવિલાસ રસમાં હર્બલ ઔષધો અને ધાતુઓ (મેટલ) પણ સમાવિષ્ટ છે. લક્ષ્મીવિલાસ રસમાં પડતા ઔષધો ખૂબ અસરકારક અને પ્રભાવશાળી છે એટલે તે બહુ જલ્દીથી અસર કરે છે, પણ સાથે-સાથે એ પણ જાણવું જરૂરી છે કે જો નિયત માત્રામાં ન લેવામાં આવે તો ઔષધો જેવા કે પારદ, અભ્રક ભસ્મ, કુંચલા, ધતુરો આદિ શરીરમાં ઘણી સાઈડ ઈફેક્ટ્સ પણ ઉભી કરે છે. આથી, લક્ષ્મીવિલાસ રસ જેવા ઔષધો લેતા પહેલા આયુર્વેદિક ચિકિત્સકની સલાહ લેવી અનિવાર્ય છે.

**(મો).૯૮૭૯૪૭૧૧૪૭**

# ભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે છે તે તુરંત જ મળે છે



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

જો પહોંચવું હો તો મંઝીલનો પ્રેમ પણ રાખો,
ફક્ત ગતિના સહારે સફર બનતી નથી.

- મરીઝ

●●●

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ભાષા વંદનના કાર્યક્રમો સંપન્ન થયા... સૌ ગુજરેજીઓ રાજી થયા. આમ તો ૨૪મી ઓગસ્ટ એ 'ગુજરાતી ભાષા દિવસ' છે એ ઘણાને ખબર નથી. જે વીર નર્મદનો જન્મદિવસ છે.

દુઃખની વાત તો એ છે કે દિન પ્રતિદિન ગુજરાતીઓમાં ભાષાભિમાન ઓસરતું જાય છે... બે અજાણ્યા ગુજરાતીઓ પણ એકબીજાને મળે તો અંગ્રેજી કે અન્યભાષામાં વાત કરે છે, ગુજરાતીમાં વાત કરતાંય શરમ અનુભવવી પડે...!!


દોસ્તો, પરભાષામાં બોલતા લોકો કૃત્રિમ લાગે છે. પણ માણસ જયારે માતૃભાષામાં બોલે છે ત્યારે એ ખીલી ઊઠે છે ને દીપી ઊઠે છે... એ નિરીક્ષણ જરા નોંધજો.... ગૌરવશાળી ગુજરાતીના ગુણગાન ગાતાં કવિ ખબરદાર લખે છે;

'ગુર્જર વાણી ગુર્જર લ્હાણી ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગળ કરતી ગુર્જર ઉદ્યમ પ્રીત.'

પ્રેમાનંદના સમયમાં આપણી ગૌરવવંતી ભાષા માટે કોઈએ મ્હેણું માર્યું'તું...

'અબે તબે કા સોના આના, ઈકડમ તીકડમ આના બાર, શું શાં પૈસા ચાર....'

અને પોતાની માતૃભાષાના ગૌરવ માટે કવિ પ્રેમાનંદે ભેખ ધારણ કર્યો. જયાં સુધી ગુજરાતીને ઉચ્ચસ્થાને ના બેસાડું ત્યાં સુધી શિખા નહીં બાંધું... પછી તો માણભટ્ટ પ્રેમાનંદે આખ્યાનો થકી ઓજસ્વી કાવ્યો રચી 'મહાકવિ' નું બિરુદ પામ્યા.




મિત્રો, ૧૯મી સદીમાં વડોદરાના મહારાજા ખંડેરાવજ એક કાયદો દાખલ કર્યો કે, 'પ્રજાભાષા ભલે ગુજરાતી હોય, પણ વહીવટી ભાષા, રાજભાષા અને શિક્ષણની ભાષા મરાઠી રહેશે...'

આ કાયદાની સામે કવિશ્રી દલપતરામે પત્ર લખી કાયદો પાછો ખેંચવા રજૂઆત કરી પણ પ્રત્યુત્તર ન મળતાં દલપતરામ સામે ચાલીને મહારાજા ખંડેરાવની સભામાં જવાબ દીધો;

'હું રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.' 'શા માટે આવ્યો છો?'

'આવ્યો આપ આગળ ઉચ્ચારવા અપીલ છું.' 'તમારો કેઈસ શું છે ?' ત્યારે દલપતરામે સુસ્પષ્ટ સ્વરે બોલ્યા,

'ગરવી ગુજરાતી તણાં પિયરની ગાદી પામી,
મુખ્ય તો મરાઠી માની દેખી દુઃખી દિલ છું.
ચૌટામાં લૂંટાણી મહારાણી ગુજરાતી વાણી,
લૂંટી અલંકાર કુટી દીધી ગુનેગાર શી!
દિલગી રહે ગુર્જરી સહે નહિ શણગાર,
તેનું દુઃખ ઉચ્ચારવા આવ્યો છું હું આજ.'

કવિશ્વરની કાવ્યબાનીથી મહારાજાએ દરેક માટે મરાઠીને બદલે ગુજરાતી ભાષા કરી, ગામડે ગામડે શાળાઓ શરૂ કરી, ગુજરાતી ભણાવવાની વાત કરી, પુસ્તકાલયો શરૂ કર્યા. આમ ૧૯મી સદીની ભાષાકીય કટોકટી ટળી...

આઝાદીના પ્રારંભકાળે ગુજરાતી માધ્યમને 'મગન માધ્યમ' કહી નીચાજોણું કરવામાં આવતું... આમ દાયકાઓથી શિક્ષણના માધ્યમનો પ્રશ્ન સદાકાળ ચર્ચાતો જ રહ્યો છે... આનો જવાબ તો વૈજ્ઞાનિકો, બાળ-માનસશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ, કેળવણીકારો, તેમજ તત્ત્વજ્ઞાનીઓ. સૌએ માતૃભાષાના સમર્તનમાં આપી જ દીધો છે...

અંતે એક દૃષ્ટાંત યાદ આવ છે; એકવાર અકબરના દરબારમાં એક વિદ્વાન આવે છે. આ આગંતુક વિદ્વાન વિવિધભાષાઓ છટાથી બોલતો હતો. તેણે અકબર રાજાને કહ્યું કે, 'મેં સાંભળ્યું છે કે તમારા દરબારમાં ચાતુર્યના પર્યાય સમા મંત્રી છે.' આપના મંત્રી મારી માતૃભાષા કઈ છે તે ઓળખી બતાવે તો ખરાં!'

બિલબલે આંખના ઈશારા વડે અકબરને ચિંત રહેવા જણાવ્યું. મોડી રાતે અકબરને સાથે લઈને બિરબલે ઘસઘસાટ ઊંઘી રહેલા વિદ્વાન પર અત્યંત ઠંડુ પાણી રેડ્યું અને એની સાથે જ સહજપણે પોતાની માતૃભાષામાં સ્વસ્તિવચન ઉચ્ચારાઈ ગયા... બિરબલે તુરંત જ અકબરે કહ્યું, મહારાજ કોઈ પણ વ્યક્તિ રોષે ભરાય કે ડરી જાય ત્યારે તેને પહેલાં માતૃભાષા જ યાદ આવે છે.'

દોસ્તો, જાપાન-જર્મનીનાં સર્વેક્ષણોના તારણો જણાવે છે કે માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેટ કેપેસિટી વધારો હોય છે, જે તેને જિંદગીના બધા પકડાકો ઝીલવા માટે સક્ષમ બનાવે છે... બીજું આ પણ સત્ય છે કે બાળખ માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે... આ સાવ સરળ વાત આપણા પરભાષાના ચાહકોને કેમ ગળે ઉતરતી નથી?!!!

છેલ્લે, દૂષભાષા ગુજરાતી મારી ઓળખ છે, મારું ગૌરવ છે... કવિ હરદ્વાર ગોસ્વામીના શબ્દોમાં;

'ડગુંમગું કે દંડવત્ ના થાતી ભાષા,
હોંકારા, પડકારા કરતી ગાતી ભાષા.'

સ્પર્શમણિ :

આપણે સંકુચિત ન બનીએ. વિશ્વસાહિત્ય અને વિશ્વસંસ્કૃતિની દિશાઓના બધા બારી-બારણા મોકળાં રાખીએ પણ સાથે જ આપણી માતૃભાષા છે તેને અવગણીને નહિ. ડુંગરા પૂજીએ પણ ઉબરાંને પૂજવાનું ન વીસરીએ..

●●●

ભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે છે તે તુરંત જ મળે છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949